ટીએસપી-પ્લાન

સને ૨૦૧૫-૧૬ના વર્ષના અંદાજપત્રમાંથી જુન-૨૦૧૫ થી જુલાઇ-૨૦૧૫ સુધીની આયોજન હેઠળની ગ્રાન્ટ ફાળવણી અંગે.માંગણી ૯૬

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ટીએસપી-૧૦૨૦૧૫-૨૯૦૪૬૦-બ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૯-૦૫-૨૦૧૫

વંચાણે લીધોઃ

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો ડરાવ ક્રમાંકઃબીયુડી-૧૦૨૦૧૫-સ્ટેટ-૯૬-૬-છ, તા.૧૬.૦૪.૨૦૧૫ અને તા.૨૭-૦૫-૨૦૧૫

ઠરાવઃ-

ઉપર આમુખમાં દર્શાવેલ આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૭.૦૫.૨૦૧૫ના પરિપત્રથી સચિવાલયના સર્વે વિભાગોને માગણી ક્રમાંક ૯૬ હેઠળ જુન-૨૦૧૫ થી જુલાઇ-૨૦૧૫ ના બે માસ માટે આયોજન સદર હેઠળની બજેટ ગ્રાન્ટ બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવા સારૂ છુટી કરવામાં આવેલ છે. તદઅનુસાર વન અને પર્યાવરણ વિભાગ હસ્તક આયોજનના સદરે કુલ રૂ. ૩૮૦૩૭૯/-હજાર (અંકે રૂપિયા ત્રણ લાખ એસી હજાર ત્રણસો ઓગણએંસી હજાર પૂરા) ની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે. તદનુસાર નીચેની શરતો ને આધીન આ સાથેના પત્રક મુજબ વિભાગના તમામ સંબંધિત નિયંત્રણ અધિકારીઓને ખર્ચ કરવા સારૂ I.F.M.S. હેઠળ Online ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષની મંજૂર થયેલ બજેટ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે. આ સાથે I.F.M.S. હેઠળ Online છૂટી કરવામાં આવેલ ગ્રાન્ટમાંથી પગાર ભથ્થાંની તથા નિવૃત્તિના લાભોની ચૂકવણીને અગ્રતા આપવાની રહેશે.ખાસ કરીને પગાર અને ભથ્થાં માટે થયેલ જોગવાઇની ગ્રાન્ટનોઉપયોગ અન્યહેતુમાટે કરી શકાશે નહિ તેમજ ઉપાડઅને વહેંચણી અધિકારીએ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં હેતુ સદર મુજબ મંજૂર થયેલ જોગવાઇ મુજબ જ ખર્ચ કરવાનો રહેશે.નાણા વિભાગના તા. ૨૩-૦૪-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ-અપબ-૧૦૨૦૧૪-૫૭૦-ક અનુસાર નિયંત્રણ અધિકારીથી નિયંત્રણ અધિકારી અને નિયંત્રણ અધિકારીથી ઉપાડઅને વહેંચણી અધિકારી સુધી કુલ(૭) હેતુ વર્ગ (object class) મુજબની ચોકસાઇથી ગ્રાન્ટ ફાળવણીમાં કરવાની રહેશે. એક વર્ગના હેતુ સદરોમાં થી બીજા વર્ગના હેતુ સદરોમાં પુનઃ વહેંચણી કે ગ્રાન્ટની તબદીલી બાબતે દરખાસ્ત તૈયારકરી નાણા વિભાગને રજૂ કરવામાટે કાર્યવાહી કરવાની રહેશે. તથા (૨) એકજ વર્ગના હેતુ સદરમાં અંદરોઅંદર પુનઃવહેંચણી સક્ષમ સત્તા અધિકારીની પૂર્વમંજૂરી લેવાની રહેશે.

(૨) વિભાગ-૧ નવી બાબતો, વિભાગ-૨ ચાલુ બાબતો અને પ્રથમવાર આવતી નવી બાબતો(છ્ઝ્ર) અંદાજપત્રમાં સમાવેશ કરતાં અગાઉ ખર્ચ પ્રભાગ/ નાણાકીય સલાહકારશ્રીના પરામર્શ કરવામાં આવેલ ન હોય તેવી ચાલુ બાબતો માટે ગ્રાન્ટ છૂટી કરતાં પૂર્વે ખર્ચ પ્રભાગ/ નાણાકીય સલાહકારશ્રીનો પરામર્શ કરવાનો રહેશે. નવી સેવાઓ/ નવી બાબતો અંગે નાણા સલાહકારશ્રીના પરામર્શમાં વહીવટી મંજૂરી

મેળવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટમાંથી મંજૂરી કરતાં વધુ ખર્ચ કરનાર અધિકારીઓને તે માટે જવાબદાર ગણવામાં આવશે.

(૩) આ સાથે દર્શાવેલ પત્રકમાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાની કોઇ ગ્રાન્ટ સમાવેશ થયેલ નથી . કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે ભારત સરકારનો પરામર્શ કરી ભારત સરકાર તરફથી જેમ જેમ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે તેમ તેમ નાણા વિભાગ તરફથી તે ગ્રાન્ટ અલગથી ફાળવવામાં આવશે.

જે યોજના અંશતઃ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે તેની પણ રાજ્ય હિસ્સાની કોઇ રકમ ફાળવવામાં આવેલ નથી અંશતઃ કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે ભારત સરકાર તરફથી જેમ જેમ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે તેમ તેમ નાણા વિભાગ તરફથી તે અગે કેન્દ્ર તથા રાજ્યના હિસ્સાની રકમ એક સાથે ગ્રાન્ટ અલગથી ફાળવવામાં આવશે.

(૪) આ ગ્રાન્ટ પી.એલ.એ માં જમા કરી શકાશે નહીં.

(૫) નાણા વિભાગના તા.૧૬-૦૭-૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ અપબ/ ૧૦૨૦૧૪/ ઓએનએચ/ ૮૮૮/ ક અન્વયે નિયંત્રણ અધિકારીથી નિયંત્રણ અધિકારી અને નિયંત્રણ અધિકારીથી ઉપાડઅને વહેંચણી અધિકારીશ્રી ને જણાવવામાં આવે છે કે રાજ્ય સરકારની કચેરીઓમાં નિયમિત મહેકમને બદલે અન્ય સ્ત્રોતથી કામગીરી કરાવવા અંગેનો ખર્ચ નવા હેતુ સદર " 3001- Out sourcing ( Man Power)" હેઠળ ઉધારવાનો રહેશે.

(૬) એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ ખાતેના હિસાબોના મેળવણાની પધ્ધતિમાં સરળતા રહે તે માટે સર્વે ઉપાડ અને નિયંત્રણ અધિકારીઓ ધ્વારા સંબંધિત તિજોરીઓમાં રજૂ કરવામાં આવતા બીલોમાં પેટાસદરના ૧૨ ડીજીટના ચાર્જેબલ હેડ ઇ.ડી.પી. સેલની માહિતી માટે જણાવવાના રહેશે તેમજ હિસાબી સદરના પેટાસદર સુધીના ૧૧ ડીજીટ કોડ યોગ્ય રીતે દર્શાવાય તેની કાળજી રાખવાની રહેશે.

આ ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગ(આયોજન પ્રભાગ) દ્વારા જે તે યોજનાઓના ફાળવવામાં આવેલ છ આંકડાનો કોડ(6Digit Code) પણ અચુકપણે દર્શાવવાનો રહેશે. કોઇ યોજના માટે આવેલ છ આંકડાનો કોડ(6Digit Code) મેળવવામાં આવેલ ન હોય તો તે મેળવી લેવાનો રહેશે.

(૭) પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર અને અમદાવાદ તથા સર્વે તિજોરી અધિકારી/ પેટા તિજોરી અધિકારીઓએ છૂટી કરાયેલ ગ્રાન્ટની મર્યાદામાં બીલો પાસ કરવાના રહેશે.

(૮) ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારીઓ/ ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ તેમજ પગાર અને હિસાબી અધિકારી, તિજોરી અને પેટા તિજોરી અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.સી.સથવારા)
ઉપસચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ
- રેસીડેન્ટ ઓડિટ ઓફિસરશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.

- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- હિસાબી અધિકારીશ્રી, આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીનીકચેરી, બિરસા મુન્ડા ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર
- નાણાં વિભાગ "ક" શાખા, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે સંયુકત/ નાયબ સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે ઉપસચિવશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની તમામ શાખાઓ (બજેટ સિવાય) તરફ જાણ અને જરૂરી કાર્યવાહી માટે.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ.